# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૨૬ • સળંગ અંક : ૧૩૦ • તા.૦૫ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.
# શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું
# ચાતુર્માસ પરિવર્તન


SAVIOUR
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com


**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# મોટું વિચારો અને એને સાકાર કરો

શારીરિક રીતે બીજા અનેક પ્રાણીઓની તુલનામાં આપણે કમજોર હોવા છતાં આજે માનવજાતિ દુનિયાની સૌથી સબળ અને બુધ્ધિશાળી જાતિ ગણાય છે. આ માટે માનવની વિચાર કરવાની શક્તિ અને વિચારોને અમલમાં લાવવાની તેની પ્રતિભાને લીધે છે. માનવી જેટલું મોટું વિચારે એટલો મોટી રીતે તેનો આવિષ્કાર કરી તેનો અમલ થાય એ માટે પ્રયત્નશીલ રહે તો કેટકેટલી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. જેટલી મોટી વિચારોની શક્તિ એટલી મોટી ઉપલબ્ધિઓ મળી શકે. પણ એ વિચારોને બળ આપવા સતત મહેનત, અસીમ પરિશ્રમ અને સખત કાર્ય કરવું પડે છે.

કેટલાકના શરીરમાં આળસ અને મગજમાં કલ્પના વિહીન ભાવ હોવાથી કામનો બોજ ન પડે એ માટે મોટું વિચારવાનું ટાળે છે. કેટલાક સ્વકેન્દ્રી વ્યક્તિઓ સાહસ કરવાના ડરથી ભવિષ્યનો વિચાર કર્યા વગર વર્તમાનમાં જે મળ્યું છે, જેટલું મળ્યું છે તેનો સંતોષ માણી હાથ પર હાથ ધરીને બેઠા રહે છે. પડકારોનો સામનો કરવો પડશે એવા ભયને લીધે પોતે પોતાના સુરક્ષિત ઝોનમાં બેઠા રહે છે, જીવન ગુજારે છે. જ્યારે જેઓ મોટી વિચાર શક્તિ રાખનારા ઉધમી, સાહસી અને સામી છાતીએ લડનારા પડકારોનો સામનો કરવા સતત સજ્જ રહે છે અને પોતાના સેફઝોનમાંથી બહાર નીકળી સતત સમસ્યાઓ, વિઘ્નો અને સંકટોનો સામનો કરવા તત્પર રહે છે. આવી વ્યક્તિઓ જ્યારે પોતે વિચારેલું સાકાર થાય, સફળ થાય ત્યારે જ હથિયાર હેઠે મૂકે છે અને સંતોષ પામે છે. શક્યતાઓ અને સંભાવનાઓની કોઈ હદ હોતી નથી. સપનાઓ અને વિચારોને મુક્ત રાખો, એને બાંધી ન રાખો. સતત એને પાંખો ફૂટે અને તેઓ ખુલ્લા આકાશમાં વિહરે એવા પ્રયત્નો કરો જેથી રાખેલી સંભાવનાઓ સત્ય તરફ ગતિમાન થશે. અશક્ય છે, જે આશ્ચર્યજનક છે, જે કલ્પના બ્રાહ્ય છે ત્યાં સુધી પહોંચવાનો રસ્તો બનાવનાર સફળતા પામે છે અને સિધ્ધિ મેળવે છે.

માનવ જાતિ અસલમાં વાનરની ઉત્ક્રાંતિમાંથી સર્જાઈ છે એવું પ્રતિપાદ થયું છે. આદિમકાળથી આજ પર્યંત સુધી જેટલી શોધખોળ થઈ છે. એમાં માનવોની વિચારશક્તિ તેની બુદ્ધિની સજાગતા અને મગજની કલ્પનાશક્તિ એ જ પાયાનું કામ કર્યું છે. ગોળ પથ્થરોને ગબડતા નિરખીને લાકડાના ટુકડામાંથી વજન ઉચકવા માટે કામે લાગે એ માટે ગોળ પૈડા બનાવી વાહન બનાવ્યું. આકાશમાં ઉડતા પક્ષીઓમાંથી કલ્પના કરી વિમાન બનાવ્યા. ચકમકના ટુકડા ઘસવાથી થતા પ્રકાશમાંથી અગ્નિ બને એ માટે પ્રેરણા મળી. આમ સતત વિચારોના શક્તિને સતેજ રાખી જ્ઞાનને વિજ્ઞાનમાં પરિવર્તન કરનાર માનવી જાતિ જો હાથ પર હાથ ધરી બેસી રહી હોત તો આજે પણ અંધકારના કાળખંડમાં સૌ જીવતા હોત.

વિચારો અને કલ્પનાઓને સીમામાં બાંધી ન રાખો. તેને સતત ઉડવા દો અને તેની પાછળ તમે પણ ભાગતા, દોડતા રહો તો સફળતા હાથ લાગશે. મોટા વિચારો મોટી સફળતા અને સિદ્ધિ અપાવે છે. માટે મોટું વિચારો અને એ વિચારો સાકાર થાય એ માટે પ્રયત્નશીલ રહો.

જય જ્ઞાતિમૈયા

# તન કરતાં મનના ઘા વધુ પીડા આપે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

છેલ્લાં સાત આઠ મહિનાથી સતત લોકડાઉન અને અનલોકડાઉનની પ્રક્રિયાને લીધે ઘણા ખરા પરિવારો એની આડઅસરમાં આર્થિક માનસિક તેમજ શારીરિક મનોવ્યથા ભોગવી રહ્યાં છે. સૌને પોતાનું દર્દ છે, પીડા છે, તકલીફ છે. એક તો ઓચિંતી આવેલી આ અણધારી આફત અને તેને લીધે નાના મોટા સૌને ભોગવી પડેલ તકલીફોનો કોઈ પાર નથી. આ માત્ર ગામ શહેરની વાત નથી મહાનગર, દેશ અને વિદેશ સાથે વિશ્વ ભરની આ પીડાદાયક હાલત છે.

આત્મવિશ્વાસથી આભમાં ઉડતા અનેક જણના પગ ધરતી પર થંભી ગયા. ભવિષ્ય માટે આશ્વસ્ત અનેકો અસલામતીના શિકાર બની ગયા. ભરપૂર વિશ્વાસથી છલકતા ઘણા આશંકાઓના અંધકારમાં હતોત્સાહ થઈ ભાંગી ગયા છે. આ મહામારીને લીધે ઘણા પરિવારોની સભ્ય સંખ્યામાં ઘટાડો થઈ ગયો. આ બધી માનસિક પીડાઓ તનના રોગો કરતાં ઘણી પીડા આપે છે.

શારીરિક તકલીફોનો ઈલાજ સરળતાથી સુલભ થઈ શકે છે પણ મનોવિકારનો ઈલાજ એટલો સરળ નથી. તનના ઘાવ રૂઝાઈ જાય, પણ મન પર પડેલા ઘાવ ઝટ રૂઝતા નથી. શારીરિક તકલીફો હજી સહન થઈ જાય. દવા ગોળીઓની અસરથી દબાવી શકાય. પણ, મનની વ્યથાઓથી અઢળક આડઅસરો ઊભી થાય છે. શરીરની ત્વચા પર પડેલા કાપા કે ચીરા કરતાં ઘણીવાર મન પર પડેલા સંવેદનાત્મક ઘા ની પીડા અનેક ગણી તીવ્ર અને ઊંડી હોય છે.

મનના ઘાવ ભરવા સંવેદના સહાનુભૂતિ અને સ્નેહભર્યો વર્તાવ જરૂરી હોય છે. ધર્મ, ભક્તિ ભર્યો વાતાવરણ, વાંચન અને પ્રવચન શ્રવણથી શાતા પહોંચી શકે છે. આવી મનો વેદના પરિસ્થિતિમાંથી બહાર નીકળવું આસાન નથી તો પણ અશક્ય નથી. આવા અસ્વસ્થ વ્યક્તિઓનો ઈલાજ વ્યક્તિ વ્યક્તિએ જુદો હોવાનો. આવા માહોલમાં પરિવારજનોનો વર્તાવ અને વ્યવહાર હૂંફ ભર્યો અને હેતાળ હોવો જોઈએ. ધીરજ ભર્યો અને શાંત નિતાંત સરળ અને મિત્રતાપૂર્ણ હોય તો સ્વસ્થતા જલદી મળી શકે છે. નાના અણ સમજણા બાળકને જેવી રીતે ટ્રીટ કરીને એવી માવજત અને ધૈર્ય આવી વ્યક્તિઓ પ્રત્યે ધરાવવું જોઈએ.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન






શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ(પૂર્વ) ખાતે બિરાજમાન સંઘકૌશલ્યાધાર, સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક, અચલગચ્છનાયક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું ચાર્તુમાસ પરિવર્તન કારતક સુદ પુનમના રવિવારે તા.૨૯ નવેમ્બર ૨૦૨૦ના રોજ સંઘમાતા અ.સૌ.દમયંતીબેન મુલજી રતનશી ગડા પરિવારના મુલુંડ(ઈ)ના ઘરે થયું હતું. ઘરે પહોંચ્યા બાદ સવારના ૯ કલાકે શ્રી શત્રુંજય પટ સામે ૧૦૮ ખમાસણા આદિ આરાધના કરવામાં આવી હતી. આ સંપૂર્ણ ચાતુર્માસ પરિવર્તનનું ઓનલાઈન યુટયુબ પર પ્રસારણ કરવામાં આવ્યું હતું.







# અમદાવાદ સંઘમાં પૂજ્ય સાધ્વી મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન







શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ નગરમાં પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તીર્થેશ ગુણાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન થયા.

# દેવપુર નગરે સાધ્વીજી મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન થયા





કચ્છના દેવપુર નગરે પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણાના ચાતુર્માસ પરિવર્તન ભાવસભર માહોલમાં થયા. ઢોલ નગારાના તાલે શ્રાવિકા બહેનોએ ઉત્સાહપૂર્વક વધામણા કરી ગુરૂજી સાંભળો અમારો આર્તનાદ અમને આપો આશીર્વાદના નારા ગજવી પૂજ્યશ્રીઓના આશીષ નિરંતર વરસતા રહે એવી મંગલ કામના વ્યક્ત કરી હતી.

# હૈદ્રાબાદ સિટી સંઘમાં સાધ્વીશ્રી મ.સા.નું ચાર્તુમાસ પરિવર્તન





દક્ષિણભારતના તેલાંગણા પ્રાંતની રાજધાની હૈદ્રાબાદ સિટી નગર સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા. આદિઠાણા ૩ના ચાતુર્માસ પરિવર્તન તા. ૩૦ નવેમ્બર સોમવાર રોજે થયા.

# તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થે પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાના ચાતુર્માસ પરિવર્તન









સોમવાર તા.૩૦ નવેમ્બર દિને તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના પરમ ભાવ સાંનિધ્યમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની પાવનકારી છાયામાં અજોડ શાસન પ્રભાવક અખંડ ૧૯ વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વી ભગવંતોના ગુણોદયપુરમમાં સુચારૂ રૂપે ઉલ્હાસ ઉત્સાહના માહોલમાં ચાતુર્માસ પરિવર્તન થયા.







# વર્ધમાન બોંતેર જિનાલયથી મહારાજસાહેબશ્રીનો ચાતુર્માસ પરિવર્તન




કચ્છક્ષેત્રના શ્રી વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.રાજરત્સાગરજી મ.સા. આદિઠાણા તા. ૩૦ નવેમ્બર સોમવારના સવારે ચાતુર્માસ પરિવર્તન કરેલ. તેઓશ્રી માંડવી તાલુકાના નાગલપુર ગામે પધારેલ હતા.

# ભાંડુપ અનંત સિધ્ધિ સંઘના સાધ્વીશ્રીનું ચાતુર્માસ પરિવર્તન




જૈન ધર્મની પરંપરાનુસાર કાર્તિકી પુનમ બાદ દરેક દરેક સાધુ ભગવંતોને ચાતુર્માસ પૂર્ણ થાય છે અને તેઓ ધર્મના કાજે વિવિધ સ્થળોએ જઈ ધર્મ પ્રચાર કરે છે. શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના પ.પુ.સાધ્વીશ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.આદી ઠાણાનું ચાતુર્માસ પરિવર્તન થયેલ છે. માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયાના નવા ઘરે થયેલ.

# સાંગલી સંઘમાં ચાતુર્માસ પરિવર્તન સાથે ઠાણાઓઠાણા





સાંગલી સંઘમાં પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવશ્રી દેવરત્ન સાગરજી મ.સા.ના પરમ શિષ્ય પ.પૂ. મુનિરાજ શ્રી ચૈત્યરક્ષિત સાગરજી મ.સા.નો ચાતુર્માસ પરિવર્તન વહેલી સવારે ૬.૪૫ કલાકે શ્રી અચલગચ્છ જૈન ભવનથી શાલિભદ્ર પેટી પધરાવનાર લાભાર્થી પરિવારના ઘરે માતુશ્રી દેવાકંબેન મગનલાલ નરશી છેડા ગામ ડોણ, સૌ ફાલ્ગુની મુલચંદ છેડાના ઘરે વ્યંકટેશ વિજય હનુમાન મંદિરની બાજુમાં રતનશીનગર સ્થળે થયો.

જ્યારે ચાતુર્માસ પરિવર્તન ઠાણાઓઠાણા માતુશ્રી પુષ્પાબેન આણંદજી ગણશી ગાલાના નિવાસ સ્થાન આદિશ્વર બંગલો અંબાઈનગર સાંગલી સ્થળે. સકલસંઘને માટે નવકારશી જેના લાભાર્થી અક્ષય પ્રફૂલ્લ ગાલા રહ્યાં હતા.

# સાંતાક્રુઝ(વે) સંઘમાં પૂ.સાધ્વીજી મ.સા.ના ઠાણા ઉઠાણા અને ચાતુર્માસ પરિવર્તન





તા.૨ ડિસેમ્બર બુધવાર દિને શ્રી સાંતાક્રુઝ (વેસ્ટ) અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સા.શ્રી સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા. અને પ.પૂ.શ્રી ભાગ્યવર્ષાશ્રી જી મ.સા. આદિ ઠાણાનો ઠાણા ઉઠાણા અને ચાતુર્માસ પરિવર્તન થયા.

લાભાર્થી માતુશ્રી કાંતાબેન વીરચંદ જૈન, લોડાયા હસ્તે ગોરાંગી કમલેશ જૈન, લોડાયા-જખૌ સાંતાક્રુઝ (વેસ્ટ).

# ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા સુથરી મહાજનની મુલાકાત લીધી



તા.૩ ડિસેમ્બર ગુરૂવાર રોજે તાજેતરમાં અબડાસા તાલુકાના ધારાસભ્ય તરીકે બીજીવાર ચૂંટાઈ આવેલા ભારતીય જનતા પક્ષના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા સુથરી ગામની મુલાકાતે આવેલ. ત્યારે સુથરી મહાજનવાડીની મુલાકાત લીધી. ક.દ.ઓ.જૈન મહાજનના મોવડીઓ તેમજ સ્થાનિક ગામ અગ્રણીઓએ તેમનો ભાવભર્યું સ્વાગત કર્યું અને સૌ સાથે મળી જમણ લીધું હતું અને મહાજનની પ્રવૃત્તિઓથી જ્ઞાત થયાં હતા. વિવિધ સમાજના અને ગામના અગ્રણીઓ સાથે સુથરી ગામની સમસ્યાઓ જાણી અવગત થયા હતા અને સહાયભૂત થવાની ખાત્રી આપી હતી.

# શત્રુંજય મહાતીર્થની કાર્તિકપૂનમની ભાવયાત્રાના દર્શન ઓનલાઈન

પવિત્ર શત્રુંજય મહાતીર્થની કાર્તિક પૂનમની ભાવયાત્રાનો મહિમા મોટો છે. દરેક શ્રાવક આ યાત્રા કરવા ઈચ્છુક હોય છે. દરેક સંઘ આ તિથિએ શત્રુંજય પટ્ટ સમક્ષ ધર્મ આરાધનાઓ કરી ભાવયાત્રા કરે છે.

કાર્તિક પૂર્ણિમાની ભાવયાત્રાનો ૨૪ મિનીટનો વિડીયો કલીપ જોઈ જાણે સ્તવન, ભક્તિગીત સાંભળતા આ ભાવયાત્રા કરી એવા સાક્ષાત ભાવ થાય છે આ માટે યુટયુબ લીંક છે.




**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘ રાયપુરમાં શ્રી કુંથુનાથ જિનાલયે નૂત્તન વર્ષના કારતક માસે વિવિધ ધર્મ આયોજન થયા

દિપાવલી પર્વ બાદ વિક્રમ સંવતના નૂત્તન વર્ષ દિને રવિવાર તા.૧૫ નવેમ્બરના શ્રી કુંથુનાથ જિનાલય દ્વાર ઉદ્‌ઘાટન થયેલ. લાભાર્થી પરિવાર માતુશ્રી નિર્મળાબેન વીરચંદ શાહ પરિવાર હતા. દ્વાર ઉદ્‌ઘાટન બાદ ગૌતમ સ્વામીનું રાસ હતું.

કારતક સુદ પાંચમ ગુરુવાર તા.૧૯ નવેમ્બર લાભ પાંચમના જિનાલયના હોલમાં શ્રી જ્ઞાનની સ્થાપના કરવામાં આવી બધાને જ્ઞાનપૂજાનું લાભ મળેલ. રવિવાર તા.૨૯ નવેમ્બર કારતક માસ પૂનમના દિને શ્રી શત્રુંજય મહાતીર્થના ભાવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં સંઘના શ્રાવક પરિવારો એ હોંશપૂર્વક ભાગ લીધેલ. કાર્યક્રમ બાદ ભાતાની વ્યવસ્થા રાખેલ. ભાતાના લાભાર્થી પરિવાર સ્વ.વિનોદ માણેકજી મૈશેરીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ગં.સ્વ.નવલબેન વિનોદ મૈશેરી હતા. બધા કાર્યક્રમોમાં અત્રેના સમાજના પરિવારોના સભ્યોની સારી એવી હાજરી હતી.

## ભાંડુપ સંઘમાં કારતક પૂનમ દિને ૧૦૮ ખમાસણાની આરાધના કરાઈ





તા. ૨૯ નવેમ્બર રવિવારના પવિત્ર કાર્તિકમાસ પૂર્ણિમા દિવસે કદઓ ભાંડુપ સંઘમાં પ.પૂ.સાધ્વીજી જ્ઞાનગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ૧૦૮ ખમાસણાની ભવ્ય આરાધના કરવામાં આવી.

## કચ્છના સાંયરા નગરમાં ૧૦૮ ખમાસણા પૂજા સાથે ચૈત્યવંદન ધર્મ આરાધના કરાઈ





કચ્છ પ્રાંતના અબડાસા વિસ્તારના સાંયરા નગરતીર્થ સંઘમાં ૧૦૮ ખમાસણા પૂજા સાથે ચૈત્યવંદનની ધર્મ આરાધનાઓ ભક્તિ ભાવપૂર્વક કરાઈ.

# સમસ્ત મહાજનની મહાસમિતિની મિટીંગ સંપન્ન

સમસ્ત મહાજનની મહાસમિતિની મિટીંગ હાલની પરિસ્થિતિને અનુલક્ષીને અલગ અલગ પ્રાંતથી એક જ જગ્યાએ એકત્ર થઈને મિટીંગ થવી શક્ય ન હોવાથી આજની ટેકનોલોજીનો ઉપયોગ કરી ઝૂમ એપ પર શનિવાર, તા.૦૫ ડિસેમ્બર ૨૦૨૦ના સાંજના ૪ કલાકે યોજાઈ હતી. જેમાં ૪૦ જેટલા પ્રતિનિધિઓ મિટીંગમાં જોડાયા હતા.




સેક્રેટરી જનરલ નિશીથભાઈ દંડને સૌને આવકારી મિટીંગની શરૂઆત નવકાર મંત્રના પઠનથી કરી હતી. ત્યારબાદ જ્ઞાતિની પરંપરા મુજબ સર્વ પ્રથમ પ્રમુખની નિમણૂંક કરવામાં આવે છે તે પ્રમાણે આ મિટીંગના પ્રમુખ તરીકે મુંબઈના મેનેજીંગ ટ્રસ્ટી પ્રવિણભાઈ લોડાયાની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રવિણભાઈએ આ પદભાર સંભાળતા મિટીંગની શરૂઆત કરવાનો આદેશ આપ્યો હતો.




સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી તિલોકચંદભાઈ નરશી દંડ અને ટ્રસ્ટીશ્રી લેરીનભાઈ વર્ધમાન ખોનાના અકાળે થઈ દુઃખદ નિધનની નોંધ લઈ ૨ મિનીટની સ્મરણાંજલિ આપવામાં આવી હતી.

સર્વ પ્રથમ ગત મિટીંગનું વાંચન કરી તેને બહાલી આપવામાં આવી ત્યારબાદ કોરોના કાળ દરમ્યાન સમસ્ત મહાજનની વિવિધ સમિતિ દ્વારા જ્ઞાતિલક્ષી કરેલ કાર્યોનો અહેવાલ આપવામાં આવ્યો હતો. એજેન્ડા પ્રમાણે ખાલી થયેલ ટ્રસ્ટી પદની સીટો બાબતે સૂચન આપવામાં આવ્યું હતું હવે આ તબક્કે જ્યારે વર્ષ પૂર્ણ થાય છે ત્યારે થોડા સમય માટે આ સીટ ભરવી યોગ્ય નથી માટે હાલ પૂર્તુ તેને મુલતવી રાખવામાં આવ્યું હતું.

ટ્રસ્ટબોર્ડ તથા મહાસમિતિની મુદ્દત વધારવા અંગેનો રાજેન્દ્રભાઈ મણિલાલ ખોનાના આવેલ પત્રની રજૂઆત કરવામાં આવી હતી આ બાબતે યોગ્ય ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. જેમાં મહાસમિતિના પ્રતિનિધિના વિવિધ મંતવ્યો આવ્યા હોવાથી પ્રમુખશ્રી પ્રવિણભાઈ લોડાયએ જણાવ્યું હતું કે આપ મહાસમિતિના દરેકે દરેક સભ્યની મુદ્દત વધારવા બાબતે 'હા કે ના' એનો જવાબ આવ્યા બાદ આપણે યોગ્ય નિર્ણય લેવું તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યારબાદ ટૂંક સમયમાં આ આવેલા મંતવ્યો બાબતે એક ટ્રસ્ટ બોર્ડની મિટીંગ બોલાવી તેમાં યોગ્ય નિર્ણય લઈ અને આગામી વર્ષ વધારવું કે ન વધારવું તેની જાહેર જનતાને જાણ કરવામાં આવશે.

અંતમાં સેક્રેટરી જનરલ નિશિથભાઈએ મહાસમિતિના દરેક સભ્યોને વિનંતી કરી હતી કે આપને જે પણ સમિતિના કાર્યો અને કાર્યપદ્ધતિમાં યોગ્ય સાથ સહકાર આપી જ્ઞાતિ સેવા કરવાનું આહવાન કર્યું હતું અને મિટીંગની સમાપ્તિ કરવામાં આવી હતી.

# હેપ્પી ગોલ્ડન જ્યુબિલી

॥ શ્રી સચ્ચાઈ માં ને નમઃ ॥

એક બીજાને ગમતાં રહીએ, કંઈ ખટકે તો ખમતાં રહીએ
સંજોગો કેવા પણ સર્જાય, થોડા થોડા નમતાં રહીએ
સ્વાર્થી - સાંકડા સંકુચિત ન રહેતા, નદીના નીર થઈ વહેતા રહીએ
વાત અંદર અંદર ન વાગોળતા, એક બેકને કહેતાં રહીએ
પડી ગાંઠના સરવાળા-બાદબાકી ન કરતાં, મીઠાં સંબંધોનો ગુણાકાર કરતાં રહીએ



## શ્રી ચંદ્રકાંત દામજી લોડાયા - શ્રીમતી યશવંતી ચંદ્રકાંત લોડાયા

ગામ : કોઠારા, હાલ : મુલુંડ

**સ્વ. લક્ષ્મીબાઈ દામજી લોડાયા ના પુત્ર-પુત્રવધુ**
**સ્વ. મીઠીબાઈ ઝવેરચંદ મેઘજી કુરૂવા ના પુત્રી-જમાઈ**

૩ ડિસેમ્બર ૨૦૨૦ ના શુભ દિવસે લગ્નની ૫૦મી વર્ષગાંઠ પ્રસંગે
આપનું લગ્નજીવન આવી રીતે જ સ્મિત સ્નેહની લાગણી
અને ખુશીની પુષ્કળ મીઠી યાદોથી ભરપૂર રહે એ જ શુભેચ્છા.

### શુભેચ્છક

શ્રીમતી નમીશા નિલેશ મુલચંદ નાગડા પરિવાર
શ્રીમતી મનીષા જિતેશ ઝવેરચંદ લાલકા પરિવાર
શ્રીમતી હર્ષા મિતેશ ચંદ્રકાંત લોડાયા પરિવાર
ગં.સ્વ. રમીલાબેન શિવજી વેલજી લોડાયા પરિવાર
સ્વ. લક્ષ્મીબાઈ જેતશી મેઘજી કુરૂવા પરિવાર
સ્વ. મધુરીબેન નરશી નાગડા પરિવાર
ગં.સ્વ. ચંદનબેન રોગચંદ દેઢ પરિવાર
ગં.સ્વ. વિણાબેન આણંદજી છેડા પરિવાર
ગં.સ્વ. નૂતનબેન નવીનચંદ્ર લાલકા પરિવાર
ડેલીશા, ધ્વનિ, આરાના અને નૈતિક

*With Best Regards*

NEE Components Pvt. Ltd.
VNS Switchgear I Pvt Ltd.

Evoglobe Infrastructure Pvt. LTD.
Nona Tech Pte. Ltd. Singapore

# શ્રી શત્રુંજય મહાતીર્થે કેશવજી નાયક ધર્મશાળામાં પંચ પરમેષ્ટિ ગૌરવોત્સવ જાજરમાનથી સંપન્ન થયો





તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના પરમ સહવાસમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની પાવન છાયામાં અજોડ શાસન પ્રભાવક અખંડ ૧૯મા વર્ષીતપના તપસ્વી રત્ન સૂરિમંત્ર પંચપ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સા.આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન સભર નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી કેશવજી નાયક ધર્મશાળામાં વૈવિધ્યતા સભરતાથી યુક્ત અનોખા જબરદસ્ત ઉત્સાહભર્યા માહોલમાં પંચ પરમેષ્ટિ ગૌરવોત્સવ જાજવલ્યતાથી મનાવાયો. શ્રી અરિહંત સિધ્ધ પદ શ્રી કેડીઓ જૈન મહાજન સંચાલિત સર્વે જિનાલયોની ધ્વજાના દાતા પરિવાર દ્વારા આવનારી સાલમાં જિનાલયો પર અર્પણ કરનારી ધ્વજા લહેરાવવામાં આવશે.

આચાર્ય પદ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્ર સાગરસૂરિશ્વરજી મ.સા.ના ભિન્ન ભિન્ન ૩૬ પ્રકારે ગુરૂપૂજન કરાયું. ૪ સ્વર્ણ ગિની, ચરણકમલ પર સુર્વણ વરખ ચાંદીની ગિનીઓથી પાદ પ્રક્ષાલન, મોતીઓથી વધામણા વિગેરે ઉપાધ્યય પદ આગમ લખવાને પ્રેરણા કલમ અને કાગળ (પત્ર) અર્પણ. સાધુપદ બધા સાધુ સાધ્વીજીના ચાંદી વરખ ગિની શ્રી ગુરૂપૂજન ભાવપૂર્વક કરાયા.

# શ્રી તેરા તીર્થે ત્રિહાન્હિકા મહોત્સવના દ્વિતીય દિને શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના અખંડ ધારા અભિષેક થયા




જિનશાસન શિરોમણિ તપ પ્રભાવક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની અને તેરા ગામના પરમ ઉપકારી, સ્વાધ્યાય પ્રેમી પ.પૂ. નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા શાસન પ્રભાવિકા પ.પૂ.વિધુત પ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા, મિતભાષી પ.પૂ.વિશ્વ પ્રભાશ્રીજી મ.સા.ના પ.પૂ. કોમલગિરાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સિદ્ધગિરાશ્રીજી મ.સા.ના ચાતુર્માસ પૂર્ણાવતીએ ત્રિહિનિકા મહોત્સવ તા. ૨૭ નવેમ્બર શુક્રવારથી તા. ૨૯ નવેમ્બર રવિવાર સુધીના થયેલ. મહોત્સવના દ્વિતીય દિને તા. ૨૮ નવેમ્બર શનિવારના શ્રીપાર્શ્વનાથ મહાપ્રભાવના શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથના અખંડધારાએ અભિષેક ધર્મભાવ પૂર્વક થયા.

શ્રી તેરા નગર તીર્થ પરિસરના કુવાપધ્ધર, લાખણીયા અને ધુફી ગામવાસીઓ સાથે સ્થાનિક તેરા નગરના શ્રાવક શ્રાવિકો ધર્મ આરાધનામાં ઉમળકાભેર સહભાગ લઈ લાભ લીધો હતો.

# થાણા અચલગચ્છ સંઘમાં શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક અભિષેક થયા




શ્રી થાણા અચલગચ્છ જૈન સંઘમાં ચાર્તુમાસાર્થે બિરાજમાન આધ્યાત્મયોગી ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ત્રિદિવસીય મહોત્સવના અંતિમ દિવસે તા.૨૮ નવેમ્બર શનિવારના દિને ભવ્યતાથી શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણક અભિષેક સંપન્ન થયા. યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની મધુરવાણી સરળશૈલી અને અનન્ય ધર્મ ભાવથી સમગ્ર માહોલ પરિસર દિવ્યતા પૂર્ણ થઈ ગયું હતું. સંઘના ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકોએ ધન્ય લાભ પામ્યા હતા.




# કચ્છી જૈન સમાજના જૂજ ઘર હોવા છતાં બડગરા સંઘમાં ધર્મ આરાધનાઓ





દક્ષિણ ભારતમાં દેવોની ભૂમિ કહેવાતા કેરળ રાજ્યમાં કલીકટ પાસેના બડગરા નગરમાં કચ્છી જૈન સમાજના માત્ર દસ ઘર છે. પણ સંઘનું પોતાનું દેરાસર છે. જેની પ્રતિષ્ઠા ૨૩ વર્ષ પહેલાં થઈ છે. જન સંખ્યા ભલે ઓછી છે. પણ પરસ્પર સંગઠન મજબૂત અને એકાત્મક ભર્યું છે. ધર્મ ભાવના સદૈવ સૌને હૈયે છે.

કારતક પૂર્ણિમા દિને શત્રુંજયની આરાધના કરી સંઘના ભાવિકજનો ધર્મ ભાવથી તરબતર થયા હતા.

## આગમ દિવાકર પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો વિહાર કાર્યક્રમ

આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. તા.૩૦ નવેમ્બરના સોમવાર દિને ખાનદેશ પ્રાંતના ધુલિયા નગરેથી વિહાર કરી તા.૨ ડિસેમ્બર બુધવારના દિને પારોલા તીર્થમાં પધાર્યા અને તા.૪ ડિસેમ્બર શુક્રવાર રોજ ઘરણગામ પહોંચ્યા. અત્રે થોડા દિવસનો સ્થિરતા કરશે ત્યાર પછી પૂજ્યશ્રી જલગામમાં પધારશે.



# નલીનપુર નારી નિગમ દ્વારા વર્ચ્યુયલ ગરબા હરીફાઈનું આયોજન



ફર્સ્ટ વીનર - સાસુ વહુની જોડી



સેકન્ડ વીનર



થર્ડ વીનર

નલીનપુર નારી નિગમ (NNN) એ કચ્છ નલિયા ગામનું કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનું મહિલા મંચ છે. જેમાં ગામની વહુ દીકરીઓ સાથે મળીને અવનવા કાર્યક્રમો યોજે છે અને એકબીજા સાથે ઘરોબો જાળવે છે. તા.૫-૯-૨૦૨૦ના ઝુમ ઍપ પર સફળ કુકીંગ શો પછી નલીનપુર નારી નિગમ હાજર છે નવીન પ્રોગ્રામ તા.૨૩ ઓક્ટોબરના 'નવરાત્રી ઍટ હોમ વિથ એનએનએન' સાથે લોકડાઉનના હિસાબે આ વખતે નવરાત્રીમાં બહાર ગરબા રમવા જવાનું શક્ય ન હોવાથી નલીનપુર નારી નિગમ પરફોર્મન્સ બેઝડ નવરાત્રી સ્પર્ધા લઈ આવ્યું હતું. જેમાં ગરબા, રાસ, દાંડીયા, ગાયન વગેરેમાંથી કોઈપણ ૨ મિનિટનું પરફોર્મન્સ વિડીયો શુટીંગ કરીને મોકલવાનું હતું.

નલીનપુર નારી નિગમના સભ્યોએ ખૂબજ ઉત્સાહથી વિવિધતા સભર પરફોર્મન્સ રજૂ કર્યા, જેમાં સોલો ડાન્સ, સાસુ વહુનો ડાન્સ, મા-દીકરીનો ડાન્સ, ફ્યુશન ડન્સ, ગાયન સાથે ગરબા, વિવિધ પ્રોમ્સ સાથે ડાન્સ એવા વિવિધ પરફોર્મન્સ સામેલ હતા.

શ્રીમતી હીના મનોજ લોડાયા, શ્રીમતી ભાવના જયેશ ખોના અને શ્રીમતી માલિની ધર્મેન્દ્ર નાગડાએ નિર્ણાયક તરીકે સેવા આપી. દશેરાના શુભ દિવસે આ પ્રમાણે વિજેતા જાહેર કર્યા પ્રથમ નીના ધનરાજ ખોના, દ્વિતીય હંશિકા અમીત લાલકા, તૃતીય તેજલ રાજેશ શાહ, રાજશ્રી ચેતન નાગડાને સ્પેશ્યલ પ્રાઈઝ ઘોષિત કરવામાં આવ્યું. આ ઉપરાંત પ્રોત્સાહન ઈનામો પણ ઘોષિત થયા. જયશ્રી નવીન જૈન, હેમલતાબેન પરેશ લોડાયા, મીતા ભાવેશ શાહ, ભારતી હીરાચંદ જૈન અને પ્રભાબેન મુલચંદ લાલકા. સ્પર્ધામાં ૨૫ વર્ષથી લઈને ૭૦ વર્ષ સુધીની યુવાન માનુનીઓએ ભાગ લીધેલ.

સ્પર્ધાને સફળ બનાવવા કમીટીના સભ્યોએ ખૂબજ જહેમત ઉઠાવી. નલીનપુર નારી નિગમના સભ્ય બનવા હિનાબેન લોડાયા-૯૮૨૦૩૧૮૩૪૫ અને વીણાબેન નાગડા-૯૯૬૭૬૬૬૩૮૦ પર સંપર્ક સાધવો.

# મોટી સિંધોડી નગરે શત્રુંજય પટ્ટ સમક્ષ ધર્મ આરાધના





રવિવારના તા. ૨૯ નવેમ્બર અને કારતક માસ પૂનમના પવિત્ર દિને કચ્છ પ્રદેશના મોટી સિંધોડી નગર સંઘમાં શત્રુંજય પટ્ટ સમક્ષ ભવ્યતાથી મહાતીર્થ સમક્ષ ધર્મ આરાધનાઓ કરાઈ.

# સાંગલી અચલગચ્છ જૈન સંઘમાં શ્રી શત્રુંજય તીર્થ પટ્ટદર્શન સહ વિવિધ ધર્મ આરાધનાઓ થઈ







રવિવાર તા. ૨૯ નવેમ્બરના દિને કારતક માસ પૂનમ પર્વ ટાણે પ્રવચન પ્રભાવક પ.પૂ.ગુરૂદેવશ્રી દેવરત્નસાગર મ.સા.ના પરમ શિષ્ય પ.પૂ.મુનિરાજશ્રી ચૈત્યરક્ષિત સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી શત્રુંજય શિષ્ય પ.પૂ.મુનિરાજશ્રી ચૈત્ય રક્ષિત સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં શ્રી શત્રુંજય તીર્થ પટદર્શન લાભાર્થી ઘરોડ પરિવાર ગામ પત્રી, ગુરૂવંદન અને પૂજ્યોને કાંબળી વોહરાવવાનું તથા શ્રી શાલીભદ્રની પેટી અને ગૌતમ લબ્ધિ કળશના ચઢાવા થયા. તેમજ તપસ્વી અને પાઠશાળાના બાળકોનું બહુમાન કરાયું. શ્રી સાંગલી અચલગચ્છ જૈન સંઘના સર્વે નાની મોટી વયના બાળકો સહિત વડીલ શ્રાવક શ્રાવિકાઓ ઉમંગ ઉત્સાહભેર જોડાઈ ધર્મ આરાધનાઓ કરી હતી.

## રાયધરજર સંઘમાં શત્રુંજય મહાતીર્થની ભવ્ય આરાધના કરાઈ

કારતક સુદ પુનમના પાવન દિને તા. ૨૯ નવેમ્બર રવિવારના કચ્છ પ્રદેશના રળિયામણા નગર રાયધણજર સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની મંગલકારી નિશ્રામાં શત્રુંજય તીર્થ પટ્ટદર્શનની આરાધના ભાવ પૂર્વક કરવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગપૂર્વક આ ધર્મ આરાધનામાં જોડાયા હતા અને ઉમળકાભેર લાભ લીધો હતો.





## ગોરેગામ સંઘમાં શત્રુંજય પટ્ટ દર્શન સહધર્મ આરાધનાઓ કરાઈ





તા. ૨૯ નવેમ્બર રવિવાર પવિત્ર કારતકપૂનમ નિમિત્તે શ્રી ગોરેગામ સંઘમાં શત્રુંજય પટ્ટદર્શન, ૧૦૮ ખમાસણા સહભક્તિ ભાવપૂર્વક ધર્મ આરાધનાઓ કરવામાં આવી.

સંઘના નાની મોટી વયના સૌ શ્રાવક શ્રાવિકાઓ ઉમંગ સભર રીતે સહભાગ લઈ ધન્ય ધન્ય થયા હતા.

## હૈદ્રાબાદ સિટી સંઘ મધે શત્રુંજય પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસણાની આરાધના





દક્ષિણભારતના ધર્મ આસ્થાથી ધમધમતા હૈદ્રાબાદ નગરના શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદ સિટી સંઘમાં તા. ૨૯ નવેમ્બર રવિવાર દિને પ.પૂ.સા.શ્રી લક્ષ્યલીનાશ્રીજી મ.સા.ની શુભકારી નિશ્રામાં શત્રુંજય પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસણાની ભવ્ય આરાધનાઓ ભક્તિભાવથી કરાઈ.

# કચ્છના મંજલ રેલડિયા ગામમાં પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની પધરામણીથી આનંદનું માહોલ છવાયો



કચ્છના એક નાનકડા ગામમાં સ્થાનિકે જૈન પરિવારોમાં માત્ર ૧૨ થી ૧૫ જણની વસતી હોય અને નજીકના કોઈ ગામથી ૬૦થી ૭૦ જણ પૂજ્ય ગુરૂ ભગવંતો સાથે પધારે તો ગામમાં કેટલો ઉત્સાહનો માહોલ છવાય તેની કોઈ કલ્પના ન થઈ શકે. આવો દ્રશ્ય માહોલ તા.૧ ડિસેમ્બર મંગળવારના સવારે ૬૦ જેટલા ગામવાસીઓ સાથે રાયધણજરથી ચાતુર્માસ બાદ પ્રથમ વિહાર કરી પ.પૂ. સા.શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા. મંજલ રેલડિયા ગામે પધાર્યા.

સમગ્ર મંજલ ગામે હોશ, ઉમંગ અને અઢળક ઉત્સાહથી સાધ્વીજી મ.સા. અને પધારેલ સૌનું ભાવભર્યું સ્વાગત કર્યું. કચ્છની સુંદર પ્રથા મુજબ લહાણીઓ થઈ. સંઘપૂજન થયા અને રાયધણજરવાસીઓએ મંજલની ભોજનશાળા માટે ૨૦ મિતિઓ પણ ઉદારતાપૂર્વક લખાવી દીધી.

મંજલ રેલડિયા ગામે ચાતુર્માસ બહુ જ જૂજ થાય છે. પણ ખાસ આજના અલભ્ય પ્રસંગ માટે મુંબઈથી મહાજનના કાર્યકરો અને ગામાઈઓ પધારી પ્રસંગને ચાર ચાંદ લગાડી દીધા.

મંજલ રેલડિયા ગામનું જિનાલય પણ ૧૩૮ વર્ષ જૂનું છે. આ ગામમાં કવીઓ અને કદઓ બન્ને સમાજોની વસ્તી છે. દરેક પ્રસંગ, ઓચ્છવ ભેગા મળીને હળીમળી પ્રેમ આનંદથી ઉજવે છે. બંન્ને મહાજનનોથી અઢળક અનુમોદના.





## સા.શ્રી યશોદયાશ્રીજી મ.સા. રચિત સમવરણે બેઠા, લાગે જિનજી મીઠા, શ્રી સીમંધર ભક્તિ સ્તનાવલીનું પ્રકાશન થયું

*સ્વાધ્યાયપ્રેમી પ.પૂ.નરેન્દ્રશ્રીજી મ.સા.ના સુશિષ્યા આત્માનંદી પ.પૂ. સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ના સંયમ ષષ્ઠીપૂર્તિ વર્ષ એવમ શાસન પ્રભાવિકા પ.પૂ.વિદ્યુતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સદાનંદી પ.પૂ. સાધ્વીશ્રી વિનાયપ્રભાશ્રીજી મ.સા.ના સંયમ ષષ્ઠી પ્રવેશ વર્ષ નિમિત્તે પ.પૂ. સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા. લિખિત આ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે.*

*સર્વે પૂજા મંડળોના યાત્રા ગ્રુપો, સામાયિક મંડળો વિગેરે આ પુસ્તકનો ઉપયોગ શ્રી સીમંધર સ્વામિની ભાવના પ્રાપ્તિ સ્થાન શ્રી શાંતિધારા ઉપાશ્રય પાલીતાણાથી આજે જ મંગાવો અને વસાવો.*



## ટિટવાલા શ્રીગુરૂ નિવાસમાં ભગવાન શ્રી સીમંધર સ્વામીની ચલ પ્રતિષ્ઠા થશે

સૌના લાડીલા ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિ પ.પૂ.ગુણવલ્લભસાગરજી મ.સા. તા. ૪ ડિસેમ્બર શુક્રવાર સવારે ૬.૩૦ કલાકે શ્રી ગુરૂ નિવાસ ટિટવાલા મધે ગુરૂભક્તોની ઉપસ્થિતિમાં મંગલ પ્રવેશ કર્યો. આવતા થોડા સમય માટે ગુરૂદેવ સાધના આરાધના માટે અત્રે બિરાજમાન રહેશે. દર્શન વંદનનો સમય રોજ સાંજે ૪ થી ૬ સુધી રહેશે. સંપર્ક : ૯૯૨૦૪૪૫૫૮૩.

તા.૬ ડિસેમ્બર રવિવારના સવારે ૮ થી ૧૨ સમયે ૨૧ ઈંચના ભવ્યાતી ભવ્ય ભગવાન શ્રી સીમંધર સ્વામીની ચલ પ્રતિષ્ઠા શ્રી ગુરૂ નિવાસ ટિટવાલા ખાતે પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં થશે.

## પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્ન મ.સા.નો વિહાર કાર્યક્રમ

ધ્યાનયોગી પ.પૂ.ગુરૂદેવશ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. તથા યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.નો સપ્તાહનો વિહાર કાર્યક્રમ મુજબનો રહ્યો. તા. ૩૦ નવેમ્બર સોમવારના ચાતુર્માસ પરિવર્તન કરી કલવા સંઘમાં પધરામણી, તા. ૧ ડિસેમ્બર મંગળવાર દિને દિવા સ્ટેશન, તા. ૨ ડિસેમ્બર બુધવાર રોજે ડોંબિવલી પૂર્વના સુવિધિનાથ જિનાલયમાં પધરામણી કરી. તા. ૪ ડિસેમ્બર શુક્રવાર સવારે ૬.૩૦ કલાકે ટિટવાલા નગર સંઘમાં મંગલપ્રવેશ, તા. ૬ ડિસેમ્બર રવિવારના ટિટવાલામાં ગુરૂનિવાસમાં ૨૧ ઈંચની ભવ્ય મુખાકૃતિના પ્રભાવ યુક્ત શ્રીસીમંધર સ્વામી ભગવાનની ચલ પ્રતિષ્ઠા કરશે. સંપર્ક માટે ૮૮૭૯૯ ૮૯૭૮૭.

## માંડવી તાલુકાના ગોધરા ગામે પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબના ગુરૂ મંદિર ગુરૂબિંબ પ્રતિષ્ઠા થઈ

તા.૪ નવેમ્બર શુક્રવારના ૯.૩૦ કલાકે કચ્છ માંડવી તાલુકાના ગોધરા ગામે શ્રી પુષ્પ વિનોદ ગુણોદય તીર્થ મધ્યે પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના નવનિર્મિત ગુરૂ મંદિરે ગુરૂબિંબ પ્રતિષ્ઠા થઈ. જેના વિડીયો માં આશાપુરા ન્યૂઝ ચેનલના માધ્યમથી લીંક https://youtu.be/v42b9WAxdM8 ઉપર જોઈ માણી શકાય છે. લાઈવ વિડીયો ૩ કલાકનો છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં સુવિધિનાથ દાદાના દિક્ષા કલ્યાણ નિમિતે ધર્મ આરાધનાઓ થઈ





તા.૫ ડિસેમ્બર શનિવારના રોજે કારતક વદ છઠના દિવસે ડોંબિવલી અચલગચ્છ જૈન સંગમાં સુવિધિનાથ દાદાના દિક્ષા કલ્યાણક નિમિતે અર્હમ અનુષ્ઠાન, ૧૦૮ વખત જાપ અને પુષ્પ વધામણા અને સંગીતના સથવારે પ્રભુ ભક્તિથી ધર્મ આરાધનાઓ ભવ્યતાથી થઈ. સંઘના શ્રાવક શ્રાવિકો એ ધર્મભાવ દ્વારા સુંદર માહોલ જમાવ્યો હતો.

# લગ્નની સુવર્ણ જયંતિ વર્ષગાંઠને સંજીવની સુવર્ણ પેટ્રોન બનીને યાદગાર બનાવી

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
## મેડિકલ સમિતિ

KDO SANJIVANI

KDO



## લગ્નની 50 મી વર્ષગાંઠ નિમિતે

જીવદયા અને સુપાત્રદાન કર્તવ્યને સાર્થક કરી રહેલ લોડાયા પરિવાર

## શ્રી ચંદ્રકાન્ત દામજી લોડાયા
## શ્રીમતી યશવંતી ચંદ્રકાન્ત લોડાયા

કચ્છ - કોઠારા, મુંબઇ - મુલુન્ડ

## સંજીવની સુવર્ણ પેટ્રોન Rs. 50,000

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની ઉતમ અને જરૂરતમંદ જ્ઞાતિજનોને માટે ઉપયોગી એવી સંજીવની યોજના અનેક જણોના આંસુ લૂછ્યા છે. ઘણા જણને આકસ્મિક આપદા, ઓચિંતી બિમારીઓથી થતી વિપદામાંથી ઉગારયા છે. ઉદારદિલ જ્ઞાતિવર્યો આ યોજનાની ઉપયોગિતા અને જરૂરિયાતને સમજી સારા પ્રસંગોને યાદગાર બનાવવા તેના હામી બને છે, આધારસ્તંભ બને છે.

શ્રી ચંદ્રકાન્ત દામજી લોડાયા અને શ્રીમતી યશવંતી ચંદ્રકાંત લોડાયા કોઠારા મુલુંડ આવા જ પરગજુ અને ઋજુ હ્રદયી દંપતિ છે. જેઓ માનવજીવન અને સુપાત્રને દાન આપવાના કર્તવ્યને પોતાના લગ્નની પચાસમી વર્ષગાંઠ એટલે મેરેજની ગોલ્ડન એનિવર્સરીને યાદગાર બનાવવા સંજીવની યોજનામાં રૂ.પાચાસ હજારનું અમૂલ્ય અને ઉદારતા ભર્યું યોગદાન આપી સંજીવની સુવર્ણ પેટ્રોન તરીકે નોંધ કરાવી છે.

લોડાયા દંપતિની આ પહેલ પ્રશંનીય સાથે પ્રેરણાત્મક છે. જેની મેડિકલ સમિતિ સરાહના કરી અનુમોદના કરે છે અને બન્નેનો જીવન સુખી, સંતોષી, સ્વસ્થમય અને આનંદિત રહે એની શુભેચ્છા અર્પે છે.




● માંડવી તાલુકાના ગઢશીશામાં ફકીરમામદ અલીમામદ કુંભાર નવરાત્રિ માટે ૧૨૦૦ જેટલા માટીના ગરબાનું નિર્માણ કર્યું. જેમાં ગામના ક્ષત્રિય યુવા ફોટોગ્રાફર અજુભા ચાંદુભા સોઢા ગરબામાં રંગ પૂરયા હતા. કોરોનાને કારણે ફોટોગ્રાફી વ્યવસાય બંધ હોતા આ નવરા પડેલા કલાકારે ગરબાને કલર–ડેકોરેશનથી શણગારી અદ્‌ભૂત ઓપ આપ્યો. આમ નવરાત્રિના ભક્તિપર્વમાં અદ્‌ભૂત કોમી એકતાનો સુમેળ જોવા મળ્યો હતો.

● કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલની અમૂલ ફેડરેશનના વાઈસ ચેરમેન તરીકે વરણી થયા પછી અમૂલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલ અને મેનેજિંગ ડિરેક્ટર આર.એસ.સોઢી તેમજ નિયામક મંડળના સભ્યોની હાજરીમાં ચાર્જ સંભાળ્યો. આ અવસરે ચેરમેનએ જણાવ્યું કે કચ્છ જિલ્લો અમારા માટે ખૂબજ મહત્વનો છે. અત્રે માનવ વસતી કરતાં પશુધનની સંખ્યા વધુ છે. એશિયાનું સૌથી મોટું બન્ની ધાસિયા મેદાન અત્રે છે. જેમાં કુદરતી ૧૭% થી ૧૮% પ્રોટીન હોય છે. જેથી દૂધની ગુણવત્તા અહીં અગ્રક્રમે છે. દર માસે એવરેજ દૈનિક ચાર લાખ દૂધ સંપાદન થાય છે અને ટૂંકા ગાળામાં જ ડેરી પ્લાન્ટ, કેટલ ફીડ પ્લાન્ટ અને ભારતનો સૌ પ્રથમ ઊંટડીના દૂધનો પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. હાલની પ્લાન્ટની ક્ષમતામાં વધારો કરી અને બીજો દૈનિક બે લાખ લિટરની ક્ષમતા વાળો પ્લાન્ટ ૧૫૦ કરોડના ખર્ચે ફુલ્લી ઓટોમેટિક પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

● ગાંધીધામ લાયોનેસ ક્લબ દ્વારા મધુ બની આર્ટ અંગેની ઓનલાઈન કાર્ય શાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ કાર્યશાળામાં જ ભાગ લેનારાની સંખ્યા વધી જતાં બે ભાગમાં વર્કશોપ યોજી કલાકારોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પાંચ દિવસીય આ વર્કશોપમાં બિહારની લોકકલા મધુબની આર્ટના વર્કશોપમાં પૂણેના જયશમા ક્રિએશનના નિર્મલા શાહ મુખ્ય પ્રશિક્ષક તરીકે રહ્યાં હતા. ભાગ લેનાર દરેકને દરરોજ સવારે ઓનલાઈન વીડિયો મોકલવામાં આવતો હતો. લોકોને ફુરસદના સમયમાં કલાકૃતિ તૈયાર કરી રાત્રે ૯ વાગે પોસ્ટ કરી દેતા હતા. પ્રતિભાગીઓ દ્વારા બનાવેલી રચનાઓ ઉપર મુખ્ય પ્રશિક્ષક પોતાનો અભિપ્રાય આપી માર્ગદર્શન કરતા. નિઃશુલ્ક વર્કશોપમાં વિશ્વભરમાંથી ૧૦૨૪ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો.

● લાયોનેસ ક્લબ ગાંધીધામ દ્વારા ઓનલાઈન ગાયન સ્પર્ધા યોજાઈ. જેમાં બૃહદ ભારતમાંથી ૧૩૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૪ થી ૧૨, ૧૩ થી ૩૦ અને ૩૧ થી ૪૫ વર્ષની કેટેગરીમાં તથા ૪૫ કે તેથી વધુ વયના સ્પર્ધકો પોતાની કલાછટાને નિખારી હતી. દરેક કેટેગરીના પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા વિજેતાઓને ઈનામ જાહેર થયા હતા. નિર્ણાયક તરીકે અમિત બ્રહ્મભટ્ટ અમદાવાદ, ઉત્પલ પટેલ મુંબઈ અને ગૌતમ બરડેન્સુરે સેવા આપી હતી.

● મૂળ ભુજના અને અમેરિકાના ઓહાયો સ્ટેટમાં રહેતા નીરજ અંતાણીને અમેરિકાનો પ્રતિષ્ઠિત 'ગાર્ડિયન ઓફ સ્મોલ બિઝનેસ એવોર્ડ' જાહેર કરવામાં આવ્યો છે. અમેરિકાના ઓહાયો સ્ટેટના નાના ઉદ્યોગકારોને મદદરૂપ બનવાના પ્રશંસનીય કાર્ય માટે આ એવોર્ડ જાહેર કરાયો છે. અમેરિકાના નાના ઉદ્યોગકોરોને મદદરૂપ બનવાના પ્રશંસનનીય કાર્ય માટે આ એવોર્ડ જાહેર કરાયો છે. અમેરિકાના નાના ઉદ્યોગકારો ઉપર લદાયેલા વધારાના ટેક્સ સામે તેમણે જબ્બર વિરોધ નોંધાવી. રાજ્યના સતાધીશોને આ કર પરત ખેંચી લેવા મજબૂર કર્યો હતા. તેમની આ કામગીરી સબબ તેમને નાના ઉદ્યોગકારોના અર્થતંત્રના એન્જિન સમાન ગણાવાયા છે.

## જીવન ઘટમાળ

• જ્ઞાતિ સગપણ •

| | | | |
|---|---|---|---|
| | ખામગામ | નેહા ઉપેંદ્ર મોમાયા | જખૌ |
| | ઔરંગાબાદ | ભાવિક પ્રદીપ મોમાયા | વરાડિયા |
| ૨૨.૧૧.૨૦૨૦ | ગાંધીધામ | ગૌરવ ભુપેન્દ્ર લાલજી લોડાયા | વારાપધર |
| | બુરહાનપુર | દિપાલી ભરત દેવશી દંડ | વરાડીયા |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



ઈંદુમતિ એમ. મૈશરી
તા. ૨૯ નવે. (ઉ.૭૮)
નલિયા-ઈરોડ



મુકેશ જી. મોમાયા
તા.૧ ડિસે. (ઉ.૫૮)
સીંધોડી-મુલુંડ(ચેકનાકા)



દેકાબાઈ કે. મોતા
તા.૨ ડિસે. (ઉ.૮૩)
લાખણીયા-અમદાવાદ



જયચંદ એમ. શિયાળ
તા.૩ ડિસે. (ઉ.૭૮)
જખૌ-અમદાવાદ



ટોકરશી જી. ખોના
તા.૩ ડિસે. (ઉ.૬૫)
સુથરી-કાંજુરમાર્ગ



સુશીલા સી. ધરમશી
તા.૫ ડિસે. (ઉ.૭૦)
સાંધાણ-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**
**Whats App : 93222 57731**
**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL